dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
May 2012 For private circulation only Vol. 04 - Issue 82

કેળવણી એ કંઈ મનની તાલીમ માત્ર નથી. તાલીમથી માણસમાં દક્ષતા જરૂર આવે, પણ જે સંપૂર્ણ અપેક્ષા છે તે તેથી શકય બનતી નથી. આજની કેળવણી જમણા હાથને સરસ રીતે વિકસાવે છે, મજબૂત કરે છે, પણ શરીરના બાકીના ભાગને તો તે નબળું જ બનાવે છે.

જે. કૃષ્ણમૂર્તિ

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

આજકાલ વિશ્વભરમાં જ્ઞાનની બોલબાલા છે. આપણે સદ્‌ભાગી છીએ કે, આપણો તો જન્મ જ જ્ઞાનની ધરતી પર થયો છે.

ભારતની ભૂમિ પર હજારો વર્ષોથી જ્ઞાનની ઉપાસના થતી આવી છે. જ્ઞાનનો આટલો ઉજળો વારસો વિશ્વના કોઈ દેશના લોકોને પ્રાપ્ત નથી થયો. જ્ઞાનની-શિક્ષણની આ જયોતિ દિન-પ્રતિદિન વધારે ને વધારે પ્રજવલિત થતી રહી છે. આ જયોતનો પ્રકાશ વેદથી લઈ વેબ સુધી પહોંચી ગયો છે.

માનવજાતનો ઈતિહાસ તપાસશો તો સમજાશે કે, માનવજાતે જે ગતિ અને પ્રગતિ કરી છે તેના મૂળમાં જ્ઞાન રહેલું છે. શિક્ષણના બધાં સ્તરે ગુણવત્તા એ એક અગત્યની બાબતોમાંની એક બાબત છે. વૈશ્વીકરણ સાથે, શિક્ષણમાં ગુણવત્તાની માંગ સૌથી વધુ ધ્યાનાકર્ષક બની રહી છે.

યુવાવર્ગ એ દેશની મુખ્ય સાધન-સંપત્તિ છે. એક અભ્યાસ પ્રમાણે આવનારા સમયમાં સૌથી વધુ યુવાનો ભારતવર્ષમાં હશે. કોઈપણ દેશનો વિકાસ સંપૂર્ણપણે તેના યુવાનોના ખભા ઉપર આધાર રાખે છે. કોલેજના વર્ગખંડોમાં યુવાનોનું ઘડતર થાય છે અને માટે જ કહેવાયું છે કે, "કોઈપણ દેશનું નિર્માણ પણ વર્ગખંડોની ચાર દિવાલોની વચ્ચે જ થાય છે."

જ્ઞાન જયોતિ પ્રગટે એટલે સત્ય શું છે ? કલ્યાણકારી શું છે? સૌંદર્ય શું છે ? એની સમજ પ્રગટે છે.

કેળવણી એટલે જીવનમાં આવતી સારી કે ખરાબ પરિસ્થિતિઓને ઓળખી એનો સામનો કરવાની યોગ્યતા કેળવવી. માત્ર જાણકારીઓનો ઢગલો કેળવણી નથી. પાઠયક્રમ તો એક માધ્યમ છે. માત્ર એને પૂરો કરીને હાથ ખંખેરી લેવા એ નરી મૂર્ખતા અને મૂઢતા છે. વિદ્યાર્થી નવી રીતે, મૌલિક રીતે વિચારતો થાય એ કેળવણીનો મૂળ હેતુ છે. જે. કૃષ્ણમૂર્તિએ કહયું છે : "કેળવણીનું કોઈ સૌથી મોટું કામ હોય તો તે સચ્ચાઈપૂર્ણ વ્યકિત પેદા કરવાનું છે, જે જિંદગીને એના પૂરા પરિપ્રેક્ષ્યમાં જોઈ શકે, સમજી શકે."

એકવીસમી સદી માટેના આંતરરાષ્ટ્રીય પંચે તેમના અહેવાલ અધ્યયન : 'ભીતરનો ખજાનો'માં લખ્યું છે કે : શિક્ષણે માણસમાં ચારિત્ર્યના ગુણો વિકસાવવાના છે. ચારિત્ર્ય એ એકડો છે. એકડા વિનાના બધા મીંડા નકામા છે.

એક અર્ધશિક્ષિત માતાનો પ્રસંગ મને યાદ આવે છે.

જયારે તેની શાળામાં સાથે ભણતા કોઈ એક વિદ્યાર્થી મિત્રને ડોકટરની ડિગ્રી મળી ત્યારે તે ઘરે દોડી ગયો અને પોતાની માતાને તેના મિત્રની મહાન સિદ્ધિની વાત કરી. માતાએ ઠંડે કલેજે જવાબ આપ્યો,

"હા, તે ડોકટર થયો છે, પરંતુ યોગ્ય માનવ નહીં."

આ અર્ધશિક્ષિત માતાનું મંતવ્ય ઘણું સૂચક છે.

શિક્ષણે માણસમાં માણસાઈનું - માનવીય ગુણોનું - માનવીય મૂલ્યોનું વાવેતર કરવાનું છે.

શિક્ષણનો હેતુ છે : વ્યકિતને સંસ્કારવાનો અને આ રીતે સંસ્કૃતિને વિકસાવવાનો.

કોઈ પણ સમયનું શિક્ષણ એટલે જે તે સમયની સાર્વત્રિક, સામાજિક, ઔદ્યોગિક, ધંધા વિષયક અને અન્ય જરૂરિયાતો માટે તે સમયની ઊગતી પેઢીને તૈયાર કરવાની જવાબદારી. બદલાતા સમય સાથે આપણો વિદ્યાર્થી જીવતો રહે તેવી પાત્રતા આપવાની છે. દક્ષિણ ગુજરાત સમૃધ્ધ ધરતી છે. આ ધરતીમાંથી હિંમતવાન, ચારિત્ર્યશીલ, સમજદાર, વિચારશીલ અને લાગણીશીલ, આત્મવિશ્વાસુ, રાષ્ટ્રપ્રેમી યુવાનો દેશને વધારેમાં વધારે પ્રમાણમાં મળવા જોઈએ. યુવાનોમાં ગુપ્તરૂપે વિદ્યમાન સંપૂર્ણતા પ્રગટાવવાની આપણી જવાબદારી આપણે સહૃદયી બનીને નિભાવવાની છે.

આ સંદર્ભમાં થિયોડર હેલબર્ગ આ રીતે વિચારે છે : "એક યુનિવર્સિટી તરીકે આપણું મુખ્ય કાર્ય સત્યની શોધ માટે મનને કેળવવાનું છે. મનને માત્ર માહિતીથી ભરી દેવું, જુવાન માણસને જીવતો જ્ઞાનકોષ બનાવી દેવો એ આપણા કાર્યનો હેતુ નથી. આપણે સમજવું જોઈએ કે મનને સંપૂર્ણ રીતે કેળવવા માટે પાયાની ચાર શકિતઓ જરૂરની છે : (૧) સ્પષ્ટપણે વિચાર કરવો. (૨) શબ્દ અને લખાણ દ્વારા (પોતાના) વિચારોને અસરકારક રીતે સામી વ્યકિતને પહોંચાડવા (૩) પરસ્પર વિરોધી બાબતોમાં સાચો નિર્ણય લેવો (૪) જીવનમાં મહત્વની અને બિનમહત્વની બાબતોનો સ્પષ્ટ વિવેક કરવો. આપણે એવો ગ્રેજયુએટ ઝંખીએ છીએ કે જે સારો માણસ હોય, જેનામાં પોતાના વ્યવસાયની કુશળતા હોય અને જેનામાં નૈતિક અને સામાજિક જવાબદારીની સમજ હોય. મનને (માત્ર) તાલીમ આપીને જ શિક્ષણ અટકી જતું નથી. આપણે બીજું ઘણું વધારાનું ધ્યાન આ શૈક્ષણિક કાર્યમાં સંકલ્પશકિત કેળવવા માટે આપવાનું છે. તમે તેને નૈતિક કેળવણી કહો, ચારિત્ર્યની દોરવણી કહો કે તમને ફાવે તે કહો. આપણે જે તાલીમ પામેલો ગ્રેજયુએટ પેદા કરવાનો પ્રયાસ કરીએ છીએ તેનામાં સારી નૈતિક ટેવોનું તેમ જ નકકર ચારિત્ર્યનું ઘડતર એ આવશ્યક તત્વ છે. સંત ટોમસે આ બધાનો સાર આપતા કહયું છે કે જીવનમાં ત્રણ જ વસ્તુની સાધના માટે શ્રમ કરવા જેવો છે. સાચી વસ્તુને ચાહતાં શીખવું; સાચી વસ્તુની જ આશા રાખવી અને સાચી વસ્તુ આચરવી."

૩૧ મે, ૨૦૧૨

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## સત્ર વ્યવસ્થા : ૨૦૧૨-૧૩

વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, શિક્ષણ અને ગ્રામ વિદ્યાઅભ્યાસ વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજો માટે સત્ર વ્યવસ્થા

૧ **શૈક્ષણિક કાર્યની શરૂઆત :**
(૧) સ્નાતક કક્ષા : તા. ૧૫-૬-૨૦૧૨.
(૨) અનુસ્નાતક કક્ષા/વિભાગો : તા. ૧૫-૬-૨૦૧૨.

૨ **એનરોલમેન્ટ ફોર્મ તથા અનુસ્નાતક રજીસ્ટ્રેશન ફોર્મ યુનિવર્સિટીને મોકલવાની છેલ્લી તારીખ**
(દરેક ફેકલ્ટી માટે) : તા. ૩૧-૮-૨૦૧૨.

૩ **ઓક્ટોબર યુનિવર્સિટી પરીક્ષાના ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ**
(ફક્ત ત્રીજું વર્ષ) તા. ૯-૮-૨૦૧૨.

૪ **F.Y. Sem.-I. All. (B.A. / B.Com. / B.Sc. / B.Ed. / B.R.S. / B.S.W.) B.B.A./B.C.A. Sem.I to VI. P.G. Sem. I, II, III**
પરીક્ષાના ફોર્મ જમા કરાવવાની છેલ્લી તા. : ૧૫-૯-૨૦૧૨

૫ **પ્રથમ સત્ર આંતરિક કસોટી (સિમેસ્ટર માળખાં સહિત) :**
તા. ૧-૧૦-૨૦૧૨ થી ૧૩-૧૦-૨૦૧૨ દરમ્યાન.

૬ **ઓક્ટોબર યુનિ. પરીક્ષાઓ (સિમે. માળખાં સહિત) :**
તા. ૧૫-૧૦-૨૦૧૨ થી ૭-૧૧-૨૦૧૨.

૭ **દિવાળી વેકેશન (સ્નાતક અને અનુ. અભ્યાસક્રમો માટે) :**
તા. ૮-૧૧-૨૦૧૨ થી ૨૮-૧૧-૨૦૧૨.

૮ **દ્વિતીય સત્રની શરૂઆત :** તા. ૨૯-૧૧-૨૦૧૨.

૯ **દ્વિતીય આંતરિક કસોટી (સિમેસ્ટર માળખાં સહિત) :**
તા. ૧-૩-૨૦૧૩ થી ૧૫-૩-૨૦૧૩.

૧૦ **માર્ચ યુનિવર્સિટી પરીક્ષાના ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ (એસ.વાય., ટી.વાય.) એફ.વાય., બી.બી.એ./બી.સી.એ./પી.જી.** (All Sem.) All Exam :
તા. ૩૧-૧૨-૨૦૧૨.

૧૧ **માર્ચ–જુન યુનિવર્સિટી પરીક્ષાઓ** (All Sem.) All Exam :
તા. ૧૮-૩-૨૦૧૩ થી.

૧૨ **દ્વિતીય સત્રનો અંત :**
કોલેજ તા. ૨૬-૪-૨૦૧૩
ડિપાર્ટમેન્ટ : તા. ૧૦-૫-૨૦૧૩.

૧૩ **ઉનાળુ વેકેશન :**
કોલેજ : તા. ૨૭-૪-૨૦૧૩
ડિપાર્ટમેન્ટ : તા. ૧૧-૫-૨૦૧૩ થી ૧૪-૬-૨૦૧૩

૧૪ **શૈક્ષણિક વર્ષ ૨૦૧૩–૧૪ના શૈક્ષણિક કાર્યની શરૂઆતનો પ્રથમ દિવસ :**
તા. ૧૫-૬-૨૦૧૩.

૧૫ **યુવક મહોત્સવ :**
તા. ૧-૧-૨૦૧૩ થી ૧૦-૧-૨૦૧૩ દરમ્યાન.

૧૬ **એન.એસ.એસ. કેમ્પ :**
દિવાળી વેકેશન દરમ્યાન.

**નોંધ :** M.Sc. Environmental Scienceના પ્રવેશ નિયમિત કરી સાયન્સ ફેકલ્ટીની સત્ર વ્યવસ્થા મુજબ અમલ કરવા કોલેજને જાણ કરવી.

**કોલેજમાં ચાલતા અભ્યાસક્રમ : એમ.બી.બી.એસ. તથા પી.જી. મેડીકલ ડિગ્રી અને ડિપ્લોમા કોર્સ**
શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ની તબીબી વિદ્યાશાખા હેઠળની સંલગ્ન તબીબી કોલેજો માટેની સત્રવ્યવસ્થા

(૧) **પ્રથમ સત્ર શરૂ થવાની તારીખ :**
૧૮-૬-૨૦૧૨

(૨) **પ્રથમ સત્ર પૂર્ણ થવાની તારીખ :**
૨૦-૧૦-૨૦૧૨

(૩) **દ્વિતીય સત્ર શરૂ થવાની તારીખ :**
૧૯-૧૧-૨૦૧૨

(૪) **દ્વિતીય સત્ર પૂર્ણ થવાની તારીખ :**
૬-૪-૨૦૧૩

**દિવાળી વેકેશન**

(૧) **પ્રથમ અર્ધ ભાગ :**
તા. ૫-૧૧-૨૦૧૨ થી ૧૮-૧૧-૨૦૧૨

(૨) **કામકાજનો દિવસ :**
તા. ૧૯-૧૧-૨૦૧૨

(૩) **દ્વિતીય અર્ધ ભાગ :**
તા. ૨૦-૧૧-૨૦૧૨ થી ૩-૧૨-૨૦૧૨

(૪) **વિદ્યાર્થીઓ માટે દિવાળી વેકેશન :**
તા. ૫-૧૧-૨૦૧૨ થી ૧૮-૧૧-૨૦૧૨

**ઉનાળુ વેકેશન**

(૧) **પ્રથમ અર્ધ ભાગ :**
તા. ૧૬-૪-૨૦૧૩ થી ૧૫-૫-૨૦૧૩

(૨) **કામકાજનો દિવસ :**
તા. ૧૬-૫-૨૦૧૩

(૩) **દ્વિતીય અર્ધ ભાગ :**
તા. ૧૭-૫-૨૦૧૩ થી ૧૫-૬-૨૦૧૩

**વિદ્યાર્થીઓ માટે ઉનાળુ વેકેશન**

(૧) **પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે :**
તા. ૧-૫-૨૦૧૩ થી ૧૫-૫-૨૦૧૩

(૨) **દ્વિતીય અને તૃતિય વર્ષના વિદ્યાર્થીઓ માટે :**
તા. ૧-૫-૨૦૧૩ થી ૩૧-૫-૨૦૧૩.
સને ૨૦૧૩-૧૪નું શૈક્ષણિક વર્ષનું પ્રથમ સત્ર શરૂ થવાની તારીખ : ૧૭-૬-૨૦૧૩.

## શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ માટે મેનેજમેન્ટ વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજો માટે સત્રની શરૂઆત ૧૫-૦૬-૧૨

૧ **શૈક્ષણિક કાર્યની શરૂઆત :**
(૧) મેનેજમેન્ટ વિભાગો. તા. ૧૬-૦૭-૨૦૧૨ એમ.બી.એ. (ફુલ ટાઈમ) અને (ટી.એચ.એમ.) સિમેસ્ટર-૩.
(૨) તા. ૨૫-૦૬-૨૦૧૨ એમ.બી.એ. (ઈવ.) સિમેસ્ટર-૩,૫.
(૩) એમ.બી.એ. (ફુલ ટાઈમ), (ટી.એચ.એમ.) અને (ઈવનીંગ) સિમેસ્ટર-૧ એડમીશનની કાર્યવાહીના આધારીત ઉપર.

૨ **એનરોલમેન્ટ ફોર્મ તથા અનુસ્નાતક રજીસ્ટ્રેશન ફોર્મ યુનિ. ને મોકલવાની છેલ્લી તારીખ :**
(૧) તા. ૩૧-૦૮-૨૦૧૨ એમ.બી.એ. (ફુલ ટાઈમ) અને (ટી.એચ.એમ.) સિમે.-૩ એમ.બી.એ. (ઈવ.) સિમેસ્ટર-૩,૫.
(૨) એમ.બી.એ. (ફુલ ટાઈમ), (ટી.એચ.એમ.) અને (ઈવનીંગ) સિમેસ્ટર-૧ એડમીશનની પૂર્ણ થયેલ પછી ૧૫ દિવસ બાદ.

૩ **ઓક્ટોબર યુનિ. પરીક્ષાના ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ** (Only Third Year) :

(૧) તા. ૧૩-૦૮-૨૦૧૨ એમ.બી.એ. (ફુલ ટાઈમ) અને (ટી.એચ.એમ.) સિમેસ્ટર-૩ એમ.બી.એ. (ઈવ.) સિમે.-૩,૫.
(૨) એમ.બી.એ. (ફુલ ટાઈમ), (ટી.એચ.એમ.) અને (ઈવનીંગ) સિમેસ્ટર-૧ એડમીશન આધારીત.

**૪ સિમે.-૧,૩ પરીક્ષાનાં ફોર્મ જમા કરાવવાની છેલ્લી તા. :**
(૧) તા. ૧૭-૦૯-૨૦૧૨ એમ.બી.એ. (ફુલ ટાઈમ) અને (ટી.એચ.એમ.) સિમેસ્ટર-૩. એમ.બી.એ. (ઈવનીંગ) સિમેસ્ટર-૩,૫.
(૨) એમ.બી.એ. (ફુલ ટાઈમ), (ટી.એચ.એમ.) અને (ઈવનીંગ) સિમેસ્ટર-૧ એડમીશન આધારીત.

**૫ પ્રથમ સત્ર આંતરિક કસોટી (સિમેસ્ટર માળખાં સહિત) :**
(૧) તા. ૨૪-૦૯-૨૦૧૨ એમ.બી.એ. (ફુલ ટાઈમ) અને (ટી.એચ.એમ.) સિમેસ્ટર-૩. એમ.બી.એ. (ઈવનીંગ) સિમેસ્ટર-૩,૫.
(૨) એમ.બી.એ. (ફુલ ટાઈમ), (ટી.એચ.એમ.) અને (ઈવનીંગ) સિમેસ્ટર-૧ તા. ૨૨-૧૦-૨૦૧૨ થી શરૂ થનારી છે.

**૬ ઓક્ટોબર યુનિ. પરીક્ષાઓ (સિમે. માળખાં સહિત) :**
(૧) તા. ૦૧-૧૧-૨૦૧૨ થી ૧૦-૧૧-૨૦૧૨ એમ.બી.એ. (ફુલ ટાઈમ) અને (ટી.એચ.એમ.) સિમેસ્ટર-૩. એમ.બી.એ. (ઈવનીંગ) સિમેસ્ટર-૩,૫.
(૨) તા. ૨૪-૧૨-૨૦૧૨ થી શનિવાર ૦૫-૦૧-૨૦૧૩ એમ.બી.એ. (ફુલ ટાઈમ), (ટી.એચ.એમ.) અને (ઈવનીંગ) સિમેસ્ટર-૧.

**૭ દિવાળી વેકેશન (અનુસ્નાતક અભ્યાસક્રમો માટે) :**
તા. ૦૯-૧૧-૨૦૧૨ થી ૨૭-૧૧-૨૦૧૨.

**૮ દ્વિતીય સત્રની શરૂઆત :**
યુનિવર્સિટી તા. ૦૩-૧૨-૨૦૧૨

**૯ શૈક્ષણિક કાર્યની શરૂઆત :**
(૧) ડિપાર્ટમેન્ટ તા. ૧૦-૧૨-૨૦૧૨ એમ.બી.એ. (ફુલ ટાઈમ) અને (ટી.એચ.એમ.) સિમેસ્ટર-૩, એમ.બી.એ. (ઈવનીંગ) સિમેસ્ટર-૩,૫.
(૨) તા. ૦૭-૦૧-૨૦૧૨ એમ.બી.એ. (ફુલ ટાઈમ), (ટી.એચ.એમ.) અને (ઈવનીંગ) સિમેસ્ટર-૧.

**૧૦ દ્વિતીય આંતરિક કસોટી (સિમેસ્ટર માળખાં સહિત) :**
(૧) તા. ૨૧-૦૧-૨૦૧૩ એમ.બી.એ. (ફુલ ટાઈમ) અને (ટી.એચ.એમ.) સિમેસ્ટર-૪, એમ.બી.એ. (ઈવનીંગ) સિમેસ્ટર-૪,૬.
(૨) તા. ૦૨-૦૩-૨૦૧૩, એમ.બી.એ. (ફુલ ટાઈમ) અને (ટી.એચ.એમ.) સિમેસ્ટર-૨.

**૧૧ માર્ચ યુનિ. પરીક્ષાના ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ :**
(૧) તા. ૨૪-૧૨-૨૦૧૨ એમ.બી.એ. (ફુલ ટાઈમ) અને (ટી.એચ.એમ.) સિમેસ્ટર-૪, એમ.બી.એ. (ઈવનીંગ) સિમેસ્ટર-૪,૬.
(૨) તા. ૩૧-૦૧-૨૦૧૩, એમ.બી.એ. (ફુલ ટાઈમ) અને (ટી.એચ.એમ.) સિમેસ્ટર-૨.

**૧૨ માર્ચ-જુન યુનિ. પરીક્ષાઓ – અન્ય :**
(૧) તા. ૨૩-૦૩-૨૦૧૩ એમ.બી.એ. (ફુલ ટાઈમ) અને (ટી.એચ.એમ.) સિમેસ્ટર-૩, એમ.બી.એ. (ઈવનીંગ) સિમેસ્ટર-૩,૫.
(૨) તા. ૨૦-૦૪-૨૦૧૩, એમ.બી.એ. (ફુલ ટાઈમ), (ટી.એચ.એમ.) અને (ઈવનીંગ) સિમેસ્ટર-૧.

**૧૩ દ્વિતીય સત્રનો અંત :**
**ડિપાર્ટમેન્ટ :** તા. ૧૦-૦૫-૨૦૧૩

**૧૪ ઉનાળુ વેકેશન**
**ડિપાર્ટમેન્ટ :** તા. ૧૧-૦૫-૨૦૧૩ થી તા. ૧૪-૦૬-૨૦૧૩

**૧૫ શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ના શૈક્ષણિક કાર્યની શરૂઆતનો પ્રથમ દિવસ :**
તા. ૧૫-૦૬-૨૦૧૩

**૧૬ યુવક મહોત્સવ :**
તા. ૦૧-૦૧-૨૦૧૩ થી ૧૦-૦૧-૨૦૧૩ દરમ્યાન

**૧૭ એન.એસ.એસ. કેમ્પ :**
દિવાળી વેકેશનમાં પૂર્ણ કરવા.

## શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ માટે કાનૂન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજો માટે સત્રવ્યવસ્થા

**૧ શૈક્ષણિક કાર્યની શરૂઆત :**
તા. ૦૨-૦૭-૨૦૧૨

**૨ એનરોલમેન્ટ ફોર્મ તથા અનુસ્નાતક રજીસ્ટ્રેશન ફોર્મ યુનિ. ને મોકલવાની છેલ્લી તારીખ :**
૨૯-૦૯-૨૦૧૨

**૩ (1) LL.B. Semester-I to Semester-VI,**
**(2) LL.M. (CBCS) Semester-I & Semester-III.**
**(3) First LL.B. (CBCS Mode) Semester-I પરીક્ષાના ફોર્મ યુનિવર્સિટીમાં જમા કરાવવાની છેલ્લી તારીખ :**
પેનલ્ટી વગર - તા. ૧૨-૧૦-૨૦૧૨
પેનલ્ટી સાથે - તા. ૨૦-૧૦-૨૦૧૨

**૪ LL.B. પરીક્ષાઓ**
(1) Semester - I, III & V તા. ૦૪-૧૨-૨૦૧૨ થી
(2) Semester - II, IV & V તા. ૧૦-૧૨-૨૦૧૨ થી
(3) First LL.B. (CBCS) Semester - I તા. ૦૪-૧૨-૨૦૧૨
(4) LL.M. (CBCS) Semester - I તા. ૩૦-૧૧-૨૦૧૨,
(5) LL.M. (CBCS) Semester - III તા. ૦૭-૧૨-૨૦૧૨

**૫ દિવાળી વેકેશન (યુનિવર્સિટી દ્વારા જાહેર થયા મુજબ) :**
તા. ૦૯-૧૧-૨૦૧૨ થી તા. ૨૮-૧૧-૨૦૧૨.

**૬ પ્રથમ સિમેસ્ટરનો અંત :**
તા. ૧૫-૧૨-૨૦૧૨.

**૭ દ્વિતીય સિમેસ્ટરની શરૂઆત :**
તા. ૧૭-૧૨-૨૦૧૨

૮ (1) LL.B. Semester-I to VI
(2) First LL.B. (CBCS Mode) Semester-II
(3) LL.M. (Annual Mode) Part-I & II
(4) LL.M. (CBCS Mode) Semester-II & IV પરીક્ષાના ફોર્મ યુનિવર્સિટીમાં જમા કરાવવાની છેલ્લી તારીખ :
પેનલ્ટી વગર - તા. ૧૬-૦૩-૨૦૧૩
પેનલ્ટી સાથે - તા. ૨૫-૦૩-૨૦૧૩

**૯ LL.B./LL.M. Exams :**
(1) LL.B. Semester-II, IV & VI
તા. ૨૩-૦૪-૨૦૧૩ થી
(2) LL.B. Semester-I, III & V
તા. ૩૦-૦૪-૨૦૧૩ થી.
(3) First LL.B. (CBCS Mode) Semester-II
તા. ૨૩-૦૪-૨૦૧૩ થી
(4) LL.M. (Annual Mode) Part-I
તા. ૨૯-૦૪-૨૦૧૩ થી
(5) LL.M. (Annual Mode) Part-II
તા. ૦૬-૦૫-૨૦૧૩ થી

(6) LL.M. (CBCS Mode) Semester-II
તા. ૦૨-૦૫-૨૦૧૩ થી
(7) LL.M. (CBCS Mode) Semester-IV Dissertation Viva as declared by the University.

૧૦ **દ્વિતીય સિમેસ્ટરનો અંત :**
તા. ૧૮-૦૫-૨૦૧૩

૧૧ **ઉનાળુ વેકેશન :**
તા. ૨૦-૦૫-૨૦૧૩ થી તા. ૩૦-૦૬-૨૦૧૩

૧૨ **શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ના શૈક્ષણિક કાર્યની શરૂઆતનો પ્રથમ દિવસ :**
તા. ૦૧-૦૭-૨૦૧૩

## નવીન ડિપાર્ટમેન્ટ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં પારંપરિક ડિપાર્ટમેન્ટોની સાથે સાથે પ્રોફેશનલ કોર્સ માટેનો અલાયદો ડિપાર્ટમેન્ટ શરૂ કરવાની તૈયારી શરૂ થઈ છે. સિન્ડિકેટની તાજેતરની સભામાં એલ.એલ.બી.નો પાંચ વર્ષનો ઈન્ટિગ્રેટેડ અભ્યાસક્રમ શરૂ કરવાનો ઠરાવ પસાર કરાયા બાદ હવે નવા શૈક્ષણિક સત્ર સુધીમાં જ એલ.એલ.એમ.નો અભ્યાસક્રમ શરૂ કરી આ ડિપાર્ટમેન્ટ શરૂ કરવાનું સક્રિય આયોજન કરવામાં આવેલ છે. એલ.એલ.એમ. માટે મંજૂરી મેળવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સંદર્ભમાં કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર અને પ્રિ. વિક્રમભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, સમગ્ર કાર્યવાહી ઝડપથી ચાલી રહી છે. આ ડિપાર્ટમેન્ટ શરૂ થાય તો છ મહિનાના ડિપ્લોમા લેબર લો, લેન્ડ લોઝ, સાયબર લો, આઈ.ટી. તેમજ હયુમન રાઈટસ જેવા અભ્યાસક્રમો પણ તૈયાર થઈ શકે એમ છે અને તે ઈવનિંગમાં પણ શરૂ કરી શકાય એમ છે.

## સપ્તતારા

તા. ૧૧-૬-૨૦૧૨ થી ૧૭-૬-૨૦૧૨ દરમ્યાન યુનિવર્સિટીના આંગણે "સપ્તતારા" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં કલાની વિવિધ ધારાઓના રાષ્ટ્રીય કલાકારો હાજર રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે. સપ્તધારા અને પંડિત ઓમકારનાથ ઠાકુર સંગીત સંધ્યાના સફળ કાર્યક્રમ બાદ રાજય સરકાર દ્વારા "સપ્તતારા" કાર્યક્રમ યુનિવર્સિટીને ફાળવવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત તાજેતરમાં રાજકોટ ખાતે યોજાયેલા સપ્તધારા કાર્યક્રમ ઉપરાંત રાજયની તમામ યુનિવર્સિટીઓના યુથ ફેસ્ટિવલમાં વિજેતા રહેલી સંગીત, નૃત્ય, નાટક, રંગકલા અને સાહિત્ય સહિતની સાત કલાઓમાં કૃતિ રજૂ કરનાર વિજેતા વિદ્યાર્થીઓ તેમજ નાટકની પ્રથમ કૃતિના વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં આવરી લેવાશે. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના ચારસો ઉપરાંત યુવા કલાકારો ઉપસ્થિત રહેશે, તેમને પરેશ રાવલ, ગિરીશ કર્નાડ, સિતાંશુ યશશ્ચંદ્ર, નયનેશ જાની, પુરૂષોત્તમ ઉપાધ્યાય, રાસબિહારી દેસાઈ, આશિત અને હેમા દેસાઈ, રામા શ્રીકાંત, બિજોઈ શિવરાજ, સ્મિતા શાસ્ત્રી, ગુલામ મોહમ્મદ શેખ અને કનુ પટેલ વગેરે ઉપસ્થિત રહી માર્ગદર્શન આપે તેવી શકયતાઓ છે. આ કાર્યક્રમની મંજૂરી મેળવ્યા બાદ રાજય સરકાર અહીં રાષ્ટ્રીય સ્તરના કલાકારો પાસે તાલીમ મેળવનાર યુવા કલાકારોને સંભવતઃ સાત દેશોમાં સાંસ્કૃતિક કાર્યક્રમો માટે મોકલવાની મંજૂરી પણ શિક્ષણ વિભાગ દ્વારા મળવાની સંભાવના હોવાનું કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે જણાવ્યું હતું.

## પાર્ટી-પ્લોટ

યુનિવર્સિટીની સુંદરતામાં વધારો થાય એ માટે છેલ્લા એક વર્ષમાં અનેક આવકારદાયક નિર્ણયો લેવામાં આવ્યા છે. યુનિવર્સિટીના પરિસરમાં જ આગામી થોડાક સમયમાં સરસ્વતી મંદિર, સ્પોર્ટસ કોમ્પલેક્ષનું નિર્માણ થશે. જોકે યુનિવર્સિટી સામેનું મોકળું પડી રહેલું વિશાળ મેદાન યુનિવર્સિટી અને શહેરીજનોના ઉપયોગમાં આવી શકે તે માટે હોદ્દેદારો અને સિન્ડિકેટ સભ્યોએ આવકારદાયક નિર્ણય લીધો છે. જે મુજબ, હવે તે મેદાનનો ઉપયોગ પાર્કિંગ અને પાર્ટી પ્લોટ તરીકે ઉપયોગ થાય તે માટે ૬ એકરનું મેદાન વિકસાવવામાં આવશે. મેદાનને પાર્કિંગ, પાર્ટી પ્લોટ તરીકે વિકસાવવાની મંજૂરી સિન્ડિકેટ બેઠકમાં આપી દેવાઈ છે. આ મેદાનની ફરતે લાઈટીંગ કરવાની સાથે સ્ટેજ મૂકવાની જગ્યા અલાયદી જોડવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે મેદાનનો ૬ એકરનો વિસ્તાર સુરત શહેરનો સૌથી મોટો પાર્ટી પ્લોટ બની રહેશે.

## ઓપન કેન્ટિન

યુનિવર્સિટીના પરિસરમાં આવેલા તળાવની ફરતે વિશાળ કેન્ટિન તૈયાર કરવામાં આવી રહી છે. યુનિવર્સિટીના એમ.એસસી (આઈટી) અને તેની બાજુમાં આવેલા નવનિર્મિત આર્કિટેકચર ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ માટે કેન્ટિન તૈયાર કરવામાં આવી રહી છે. આ કેન્ટિન અંદાજિત ૩૦ લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થશે. કેન્ટિનની આજુબાજુ લોન પેવર બ્લોકનો ઉપયોગ કરી ગાર્ડનનો વિકાસ કરવામાં આવશે. ઓપન કેન્ટિનને કારણે વીજળીનો બચાવ થશે. આગામી છ મહિનામાં આ કેન્ટિન તૈયાર કરવામાં આવશે. સિટિંગ સહિતનું તમામ ઈન્ફ્રાસ્ટ્રકચર ઈકોફ્રેન્ડલી હશે. આ અંગે કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર જણાવે છે કે "અમે સ્ટુડન્ટસને કેન્ટિનમાં ઉત્તમ અને એફોર્ડેબલ ફૂડ મળી રહે એવી એરેજમેન્ટ કરવા માગીએ છીએ. સ્ટુડન્ટસ ઓપન એરિયામાં લેકનો આનંદ માણી શકે એ માટે હટ બનાવાશે. આ હટની નીચે પથ્થરના ટેબલ હશે. ઈલેકટ્રીસિટીના સેવિંગ અને સ્ટુડન્ટસ પર નજર રાખવા ઓપન હટ બનાવવામાં આવશે."

## ઓપન લાઈબ્રેરી

યુનિવર્સિટીના માસ્ટર્સ ઈન હયુમન રિસોર્સ ડિપાર્ટમેન્ટમાં જૂન મહિનાથી વિદ્યાર્થીઓને નવી સુવિધાની ભેટ મળશે. તેમના માટે અહીં ઓપન રીડિંગ લાઈબ્રેરી તૈયાર થઈ રહી છે. ડિપાર્ટમેન્ટના હેડ ડૉ. કિરણભાઈ પંડયા જણાવે છે કે "અમારા ડિપાર્ટમેન્ટની સામે તળાવ છે. અહીં એક એક ઓપન રૂફ પર રીડિંગ લાઈબ્રેરી બનાવવામાં આવી રહી છે. જેના પર અમે શેલ્ફ લગાવીશું. સ્ટુડન્ટસ રિફ્રેશિંગ મૂડમાં રીડિંગ કરી શકે એવી ફેસિલિટિ અમે પૂરી પાડવા માગીએ છીએ."

## અદ્યતન હોસ્ટેલ

અનુસૂચિત જાતિ અને જનજાતિ અને વિચરતી જાતિના વિદ્યાર્થીઓની હોસ્ટેલ માટે રાજય સરકાર યુનિવર્સિટીને ૧૦ કરોડ રૂપિયા સુધીની સહાય કરશે. આ અદ્યતન હોસ્ટેલમાં રહેવા અને જમવાની સગવડ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા વિવેકાનંદ સમરસ યોજના અંતર્ગત રાજયની યુનિવર્સિટીઓમાં અનુસૂચિત જાતિ, જનજાતિ અને વિચરતી જાતિના વિદ્યાર્થીઓ માટે સવલતો ઊભી કરાઈ રહી છે. આ યોજના હેઠળ યુનિવર્સિટીને ૧૦ કરોડ સુધીની સહાય રાજય સરકાર દ્વારા મંજૂર

કરવામાં આવી છે. આ અંગે કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે જણાવ્યું હતું કે, "રાજ્ય સરકારે હોસ્ટેલ માટે રજૂઆત કરી હતી. જેમાં સરકાર દ્વારા પરિસરમાં જગ્યાની માગણી કરાઈ છે. આ જગ્યા ફાળવ્યા બાદ તેમાં અદ્યતન સુવિધાઓ ધરાવતું સંકુલ ઊભું કરાશે. સરકારી ધોરણો મુજબ ૫૦૦ વિદ્યાર્થીઓ માટે બે હજાર સ્કવેર મીટર જગ્યાની જરૂર પડે છે. યુનિવર્સિટી દ્વારા એક હજાર વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલની માંગ કરાઈ છે. તેના માટે ૮ થી ૧૦ કરોડ રૂપિયા ફાળવવાની સરકાર દ્વારા બાંયધરી આપવામાં આવી છે. આ સંકુલમાં વિદ્યાર્થીઓ માટે રહેવા અને જમવાની સુવિધાઓ ઊભી કરાશે."

## સખાવત

વીર નર્મદ યુનિવર્સિટી, સુરતના પરિસરમાં સરસ્વતી મંદિર પાસે વાચન ભવન તૈયાર કરવા માટે ૨૦ લાખ રૂપિયાનું માતબર દાન મળ્યું છે. કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકરે આ અંગે જણાવ્યું હતું કે "શ્રી અનિલભાઈ મુંદ્રા, શ્રી શિવભાઈ મુંદ્રા અને શ્રી મુરલી મુંદ્રાએ માતા કાશીદેવી રામકિશન મુંદ્રાની સ્મૃતિમાં ૨૦ લાખ રૂપિયાનું દાન યુનિવર્સિટીને આપવામાં આવેલ છે. આ દાનમાંથી યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક ભવનોના વિદ્યાર્થીઓ માટે વાચનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. લોકભાગીદારીથી યુનિવર્સિટીના વિકાસના પ્રયત્નોને આ પ્રકારની સખાવતથી વેગ મળી રહયો છે."

## એન.એસ.એસ.

- રાષ્ટ્રીય સેવા યોજનાના યુથ ટુ ધી એઈજ વિષય પર (રોઈંગ) અરુણાચલ પ્રદેશ ખાતે માર્ચ-૨૮ થી એપ્રિલ ૦૫-૨૦૧૨ દરમ્યાન એડવાન્ચર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજનાં ૦૪ વિદ્યાર્થી સ્વયંસેવકો/સ્વયંસેવિકાઓએ ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ૧. વસાણી કિંજલ એલ. (જે.બી. ધારૂકાવાળા મહિલા કોલેજ, સુરત), ૨. દુઢાતા વર્ષા એ. (જે.બી. ધારૂકાવાળા મહિલા કોલેજ, સુરત), ૩. શિરસાઠ કમલેશ આર. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડ), ૪. સોજીત્રા ગીરીશભાઈ બી. (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અમરોલી)
- રાષ્ટ્રીય સેવા યોજનાના મેગા કેમ્પ આંધ્રા યુનિવર્સિટી, વિશાખાપટ્ટનમ ખાતે તા. ૬-૬-૨૦૧૨ થી ૧૭-૬-૨૦૧૨ દરમ્યાન યોજાનાર છે. જેમાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના ૦૪ સ્વયંસેવકો/સ્વયંસેવિકાઓ ભાગ લેનાર છે. પ્રો. દિલીપભાઈ ડી. પટેલ, પ્રોગ્રામ ઓફિસર, બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડ ટીમ મેનેજર તરીકે ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ કરશે. રાષ્ટ્રીય સ્તરે યોજાનર મેગા કેમ્પમાં નીચે જણાવેલ સ્વયંસેવકો ભાગ લેશે. ૧. પટેલ ભૂમિકા એમ. (બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડ), ૨. ધુટીયા મેહુલકુમાર બી. (બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડ), ૩. પટેલ નૈનેશ ગિરીશભાઈ (શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ), ૪. પટેલ રાજેશ સુનિતાકુમારી (શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ).
- રાષ્ટ્રીય સેવા યોજના નેશનલ ઈન્ટિગ્રેશન કેમ્પ-૨૦૧૨નું આયોજન મેંગલોર યુનિવર્સિટીના લક્ષ્મી સોમા બેંગેરા ગવર્નમેન્ટ ફર્સ્ટ ગ્રેડ કોલેજ, કોટા, પડુકેરે ખાતે તા. ૧૯-૩-૨૦૧૨ થી ૨૫-૩-૨૦૧૨ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના નીચે જણાવેલ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. પ્રા. વિનોદભાઈ પટેલે, (આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડ) ટીમ મેનેજર તરીકે ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ૧. ફુમકીયા અવની ડી., (પી.ટી. સાયન્સ કોલેજ, સુરત), ૨. મહંત એકતા મહેશકુમાર (પી.ટી. સાયન્સ કોલેજ, સુરત), ૩. તબેથીયા મીતલ આર. (પી.ટી. સાયન્સ કોલેજ, સુરત), ૪. સાવલીયા રાધીકા આર. (પી.ટી. સાયન્સ કોલેજ, સુરત), ૫. ગોંડલીયા સ્વાતિ ડી. (પી.ટી. સાયન્સ કોલેજ, સુરત), ૬. દરજી ધાર્મિક વી. (એસ.પી.બી. ઈંગ્લીશ મીડીયમ કોમર્સ કોલેજ, સુરત), ૭. વનારા મયુર એમ. (એસ.પી.બી. ઈંગ્લીશ મીડીયમ કોમર્સ કોલેજ, સુરત), ૮. ચાવડા પવન જી. (એસ.પી.બી. ઈંગ્લીશ મીડીયમ કોમર્સ કોલેજ, સુરત), ૯. વાઘેલા નિકુંજ સી. (એસ.પી.બી. ઈંગ્લીશ મીડીયમ કોમર્સ કોલેજ, સુરત), ૧૦. મહેતા આનંદ આર. (એસ.પી.બી. ઈંગ્લીશ મીડીયમ કોમર્સ કોલેજ, સુરત).

## અનુદાન

યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર ભવનના સેન્ટર ફોર સોશ્યલ એકસકલુઝનને યુજીસીએ આગામી પાંચ વર્ષ માટે એક્ષટેન્શન આપી ૨૦ લાખની ગ્રાંટ ફાળવી છે.

યુનિવર્સિટી ગ્રાંટ કમિશન દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૦૯-૨૦૧૦ ના વર્ષથી સમાજશાસ્ત્ર વિભાગમાં 'સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ સોશ્યલ એકસકલુઝન એન્ડ ઈન્કલુઝીવ પોલિસી' ના સમાજ સંશોધન કેન્દ્રની મંજૂરી મળી હતી.

એપ્રિલ ૨૦૧૨ થી શરૂ થયેલી બારમી પંચવર્ષીય યોજનામાં આ કેન્દ્રને યથાવત રાખવા મંજૂરી મળેલ છે.

## જ્ઞાનસત્ર

વીર નર્મદ દ.ગુ. યુનિ. ને સમગ્ર રાજ્યમાં સૌપ્રથમ વખત ત્રિદિવસીય જ્ઞાનસત્ર અને સાહિત્ય પરિષદ યોજવાનું સૌભાગ્ય હાંસલ થયું છે. ડિસેમ્બર અંતમાં યોજાનારા જ્ઞાનસત્રમાં ટોચનાં અને દિગ્ગજ ૫૦૦થી વધુ સાહિત્યકારો ઉપસ્થિત રહેશે.

વીર નર્મદ દ.ગુ. યુનિ. ને ડિસેમ્બર મહિનાનાં અંતિમ સપ્તાહમાં જ્ઞાનસત્ર યોજવા મંજૂરી મળી છે. આ અંગે વિગતો આપવા મંજૂરી મળી છે. આ અંગે વિગતો આપતા કુલપતિ પ્રિ. ડૉ. દક્ષેશ ઠાકરે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે જ્ઞાનસત્ર યોજવા માટે કવિ નર્મદની ભૂમિ ઉપર પસંદગીનો કળશ ઢોળ્યો છે. કવિ નર્મદની પાવન ભૂમિમાં સાહિત્યકારો જ્ઞાનનો પૂંજ પ્રગટાવશે. ત્રિ-દિવસીય આ કાર્યક્રમમાં જાણીતા સાહિત્યકાર ડૉ. શરદ ઠાકર ઉપરાંત રઘુવીર ચૌધરી, કુમારપાળ દેસાઈ સહિત અમેરિકાથી પ્રીતિ સેન ગુપ્તા, મધુરાય સહિત ૫૦૦થી વધુ સાહિત્યકારો ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ગુજરાતી ભાષાના પ્રચાર, પ્રસાર તથા સંવર્ધન ઉપર ભાર મુકાશે.

## Ph.D.

A list of Theses accepted by Veer Narmad South Gujarat University, Surat during November 2011 to December 2011. to May 2012.

**BIOSCIENCE**

1 Patel, Kalpeshbhai M. **Effects of cadmium and zinx on seed germanization and growth of cajanus cajan (L.) millsp.and trigonella foenum-graecum L. and their removal by various methods.** (Dr.K.P.Patel), Department of Bioscience, VNSGU, Surat.

CHEMISTRY

1 Chavda Sureshkumar L. **Surfactant solutions:Their characterization by physiochemical and instrumental methods.** (Dr.P.Bahadur), Department of Chemistry, VNSGU, Surat.

2 Mali, Mimanshaben, D. **Synthetic and application aspects of some novel reactive, acid and medicinal**

**dyes.** (Dr.(Mrs.) Saurabh K. Patel), Department of Chemistry, V.N.S.G.U., Surat.

3 Patel, Jigneshkumar N. **Synthesis and antimicrobial evaluation of N.S. and O atoms containing new heterocycles of quinozaline.** (Dr.N.B.Patel), Department of Chemistry, VNSGU, Surat.

**COMPARATIVE LITERATURE**

1 Khadiya, Rameshdan C. **Dalitchetna:Ek vishayvastulakshi tulanatmak abhyas: 'Malak', 'Juthan', 'Untouchable", 'Balut', 'Madhhi Ka Diva', ane 'Kuruthi Punal' jevi vishishta krutiona sandarbhma.** (Dr.Damyantiben Parmar), Department of Comparative Literature, VNSGU, Surat.

**EDUCATION**

1 Desai, Niriksha J. **Navsari shaherna granthalayaono shaikshnik abhyas.** (Dr. R.B. Chaudhari), Department of Education, VNSGU, Surat.

2 Katba, Heenaben R. **Uchchatar prathmik kakshaye bhasha shikshanni pravartman prishtiti : Ek gaveshna.** (Dr.Vinodbhai G.Patel), V.T.Choksi Sarvajanik College of Education, Surat.

3 Mistry, Nileshkumar P. **Valsad Jillani ashramshalao, adarsh nivashi shalao tatha Eklavya Model Residential schoolona vidhyarthio / shikshakona manoshaikshnik rekhachitroni tulana.** (Dr.G.S. Parmar), Department of Education, VNSGU, Surat.

4 Parmar, Ganpatsinh D. **Sakshin Gujaratna Jilla Shikshan ane Talim Bhavnona sevakalin talimio karyakramo.** (Dr.G.S. Parmar), Department of Education, VNSGU, Surat.

5 Patel, Gayatri R. **An analytical study of Rajneesh and J.Krishnamurti's ideas on the role, responsibility and development of a teacher and on an educative process.** (Dr.Vinodbhai G.Patel), V.T.Choksi Sarvajanik College of Education, Surat.

6 Letwala Hemlata A. **Dakshin Gujaratni samanya pravahni ucchtar madhyamik shalaoma arthshastra vishya shikshanni pravratman parishthiti.** (Dr.R.B. Chaudhari), Department of Education, VNSGU, Surat.

**ENGLISH**

1 Shah, Kalika S. **Multicultural and the politics of identity: A study of the novels of Bapsi Sidhwa, Rohinton Mistry and Boman Desai.** (Dr.E.V. Ramakrishnan), Central University of Gujarat, Gandhinagar.

**GUJARATI**

1 Parmar, Rameshbhai B. **Gujarati ekankimathi upasati manavni chhabi.** (Dr.Jasubhai Patel), Arts-Commerce College, Olpad.

2 Vasavda, Chetna D. **Kavishri Sundaram, Rajendra Shah, Niranjan Bhagat, Anil Joshi, Ramesh Parekh, Vinod Joshi ni geetrachanaono samikshatmak abhyas.** (Dr.Jasubhai Patel), Arts-Commerce College, Olpad.

3 Vyas, Jigna T. **Bharatiya narini aatmakathama narini asmita ane naritvani shodh: Ek samikshatmak adhyayan.** (Dr.Sharifaben Vijliwala), M.T.B. Arts College, Surat.

**MANAGEMENT**

1 Mistry Janki D. **A study on post merger performance evaluation of selected Indian companies.** (Dr.Jaydip Chaudhari), D.B.I.M., VNSGU, Sirat.

2 Parmar, Hitesh A. **A study of supply chain management in textile industry of Surat District.** (Dr.Jaydip Chaudhari), D.B.I.M., V.N.S.G.U., Surat.

3 Saumen, Mapdar. **A study on the handloom textile clusters in India with special reference to select clusters in West Bengal.** (Dr.Renuka Garg), D.B.I.M., V.N.S.G.U., Surat.

4 Thekkanal, Daisy S. **A study on non performing assets-challenges to the Basel II accord in Indian banking industry.** (Dr.V.B. Patel), DBIM, VNSGU, Surat.

5 Upadhyay, Hetal K. **Non performing assets in banking industry-A study of banks in Saurashtra region.** (Dr.M.V. Sidhpuria), DBIM, VNSGU, Surat.

6 Vanpariya, Bhavesh O. **An analysis of service quality formulation and its measurement in banking and retail sector.** (Dr.V.B.Patel), DBIM, VNSGU, Surat.

**MATHEMATICS**

1 Salunkhe, Shantaram N. **A study of some nonlinear functional differential equations in banach algebras.** (Dr. M.G. Timol), Department of Mathematics, V.N.S.G.U., Surat.

**PHARNACOGNOSY**

1 Harde, Pinalben A. **Development of quality standards for certain traditional antibiatic herbs.** (Dr.M.B.Shah), L.M.C.of Pharmacy, Ahmedabad.

**SANSKRIT**

1 Chauhan, Chetnaben S. A**tharavved ane ketlik pasandgini Sanskurt sahityani krutioma 'Aushadhivigyan'.** (Dr. Ninaben Bhavnagari), M.T.B.Arts College, Surat.

**ZOOLOGY**

1 Barot, Jagruti, K. **Biotoxicity studies on the effect of some dyes on freshwawater fish labeo rohita in water and their removal using bioadsorbents.** (Dr.Anita Bahadur), Sir P.T.S.College of Science, Surat.

## M.Phil

A list of Dissertations accepted by Veer Narmad South Gujarat University, Surat during December 2011 to March 2012.

**GUJARATI**

1 Patel, Nirikshaben B. **Rekhachitrakar Josheph Mecwan na be rekhachitra 'Vyathana Vitak' ane 'Mari Bhilloo': Ek adhyayan.** (Dr.A.S.Gadhavi), Shri P.H.U.College of Arta-Commerce, Kim.

2 Patel, Rakeshkumar R. **Dr.Vijay Shashtri na nibandhoma hasya, kataksh ane vyang: Ek abhyas.** (Dr.R.C.Gandhi), J.Z.Shah Arts & H.P.Desai Commerce College, Amroli.

3 Patel, Shitalben I. **Varsha Adalaja ni ekadhik navalkathoni vastusankalana ane pragat thata patrochit manosangarshnu nirupan: Ek abhyas.**(Dr.Jayntibhai Chaudhari), Shri Morarji Desai Arts-Comm.College, Buhari.

4 Popat, Beena D. **'Lalitadukhdarshak' natak (Gujarati) ane 'A Doll's House' natak (English) no tulanatmak abhyash.** (Dr.Rekhaben Bhatt), M.T.B.Arts College, Surat.

5 Saiyed, Tabassum K. **Gujarati navalkatha sahitya ma rajkiya ane samajik parivesh :Ketlik pasandgini navalkatha na sandarbha ma.** (Dr.S.A.Dabhi), S.J.Arts-Science College, Bharuch.

6 Surati, Vishalkumar R. **Niranjan Trivedina hashya nimbandho:Ek adhyayan. ('Vyangyavlokan', 'Sarvale Bhagakar', 'Dhhai Akshar Hashya ka..' ane 'Dog-Father'na sandarbhma.** (Dr. R.T.Bhatt), M.T.B.Arts College, Surat.

**HISTORY**

1 Patel, Nareshkumar C. **Sva. Shri Lalbhai Dahyabhai Nayak pidhh samajik, rachnatmak karyakar, shikshakarmi ane deshbhakta: Ek sanshodhanatmak avhyas (1908-1998).** (Dr.B.G.Desai), Arts, Science and Commerce College, Kamrej.

2 Rathod, Jigneshkumar J. **Navabi rajya Sachin:Ek aitihashik abhyas.** (Dr.M.J.Patel), M.T.B.Arts College, Surat.

**HINDI**

1 Chaudhari, Daxaben R. **Mannu Bhandari krut 'Mahabhoj' upanyash me vastu aur shilp.** (Dr.Bhavesh Jadav), M.T.B.Arts College, Surat.

2 Chaudhari Ratuben M. **Nagarjuna ke upanyasho ka vishleshnatmak adhyayan.:'Ratinath ki Chachi' Aur 'Balchanma' ke sandarbh me.** (Dr. Mdhu Vasava), S.M.R.Arts-Science College, Rajpipla.

3 Girjali, Nanubhai G. **Gujarat ke prahatishil kavi Sultan Ahmeda ki lambi kavitaye:Ek adhyayan.** (Dr.A.S.Prajapati), Government Arts-Commerce College, Vansada.

4 Kamdi, Deipeshbhai K. **'Zero Road' me manaviya samvedana.** (Dr.U.L.Patel), Shree Vanraj Arts-Commerce College, Dharampur.

5 Patel, Prabhatbhai B. **'Kali Andhi': Ek samikshatmak adhyayan.** (Dr.N.P.Magazine), Smt. J.P.S.Artc College, Valsad.

6 Patel, Bhavikaben M. **Mahabhoj ka alachanatmak adhyayan.** (Dr.J.P. Patel), S.B.G.Arts and P.K.Patel Comm.College, Navsari.

7 Patel, Surendrakumar K. **Premchand krut 'Nirmala' aur Pannalal Patel krut '<alela Jeev' upnyash ka tulnatmak adhyayan.** (Dr.B.A. Tevatia) Shree M.R.Desai Arts and E.E.L.K.Commerce College, Chikhli

8 Patel, Sunilbhai A. **Mrudula Garg krut 'Kathgulab' upanyash me naari.** (Dr.A.S.Prajapati), Government Arts-Commerce College, Vansada.

**MANAGEMENT**

1 Jadav, Narendra H. **A study of behavioural patterns of college students on social networking sites.:With special reference to Navnirman Institute of Management College affiliated to VNSGU,Surat.** (Dr. V.B.Patel), DBIM, VNSGU, Surat.

2 Vyas, Radha N. **A study on implications of real options on venture capitalists investment decision-making behavior in India.** (Dr.Jaydip Chaudhari), DBIM, VNSGU, Surat.

**MATHEMATICS**

1 Patel, Dushyantkumar G. **A study of fuzzy medeling and fuzzy control.** (Dr.K.B. Patel), Department of Mathematics, VNSGU, Surat.

**MICROBIOLOGY**

1 Deasi, Reena G. **Microbiological studies of some textile dyes.** (Dr.P.V.Desai), Department of Bioscience, VNSGU, Surat.

2 Shah, Chaitali V. **Studies on delayed type hypersensitivity responses against recombinant antigens of mycobacterium tuberculosis in guinea pig.** (Dr.H.C.Modi),IMTSERF, Surat.

3 Shaikh, Sumaiya A. **Immobilization and production of gluconic acid from fungal spores under varying fermentation conditions.** (Dr. Ratna Trivedi), SRKICEAS, Surat.

**PSYCHOLOGY**

1 Gohil, Vipulkumar N. **Bharuch jillani college na vidhyarthiyona vyaktitav guno no tulnatmak abhyas.** (Dr.B.B.Dhivar), Shree Jayendrapuri Arts and Science College, Bharuch.

2 Machhi, Nareshkumar D. **Narmada jillana prathmik prashikshanarthiyoni sidhdhi preranano tulanatmak abhyas.** (Dr.B.B.Dhivar), Shree Jayendrapuri Arts and Science College, Bharuch.

3 Patel, Bharatkumar G. **Surat shaher ane Vyara talukani uchattar madhyamik shalama abhyas karta anushuchit janjati vidhyarthioni vividh samashyaono tulanatmak abhyas.** (Dr. R.M.Vyas), M.T.B.Arts College, Surat.

4 Patel, Dharmistha I. **Surat shaher na snatak ane anusnatak kakshana vidhyarthio ma hatasha angeno manovaigyanik abhyash.** (Dr. A.C.Sharma), S.B.G.C.(Arts) and P.K.P.C.of Commerce, Navsari.

5 Rudani,Sangita L. **Surat shaherna collegena vidhyarthioma avegatmak paripakvta ane niyantran kendrak: Ketlak vyaktigat, samajik ane shaiksnik paribalaona sambandhma abhyas.** (Dr. A.C.Sharma), S.B.G.College of Arts & P.P.Patel College of Commerce, Navsari.

6 Trivedi, Shilpa N. **Bharuch shaher ni college vidhyarthiyoni sidhdhiprerana ane mansik swasthyano tulanatmak abhyas.** (Dr. B.B.Dhivar), Shree Jayendrapuri Arts and Science College, Bharuch.

**SANSKRIT**

1 Bhatt, Devangkumar R. **Shrirupgoswami virachit: 'Lalitmadhavam' natak: Ek samikshatmak adhyayan.** (Dr. D.P.Parekh), Shri Jayendrapuri Arts and Science College, Bharuch.

2 Jadav, Chiragkumar M. **'Madhurylahari': Ek samikshatmak adhyayan.** (Dr. S.N.Solanky), Smt.J.P.S.Arts College, Valsad.

3 Maheta, Dhavalkumar H. **Madhavacharyarachit 'Sarvadarshansangrah' ma jaindarshan : Ek abhyas.** (Dr. B.N.Solanky), M.T.B.Arts College, Surat.

4 Parmar, Riteshkumar D. **Gujaratma rachayela Sanskrut natakoma aitihashik ghatnao tatha mahiti: Ek adhyayan.** (Dr. M.A.Bhatia), S.R.N.Mahila Arts College, Valia.

5 Patel, Pragneshkumar A. **Kavishi Bhojraj virachit 'Champuramayan': Ek adhyayan.** (Dr. N.L.Patel), H.R Shah Mahila Arts-Commerce College, Navsari.

**STATISTICS**

1 Mukherjee, Pooja S. **Transition from TQM to ISO 9001 to six sigma at Essar Steel.** (Dr. S.J. Sondhi), S.P.B.College of Commerce, Surat.

# કોલેજ ન્યૂઝ

## ગ્રંથાલય

શેઠ સી.ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરતના ગ્રંથાલય દ્વારા સંચાલિત "ગોલ્ડન સ્ટડી સર્કલ" અન્વયે ૨૦૧૧-૧૨ના શ્રેષ્ઠ વાચકનો એવોર્ડ ટી.વાય.બી.કોમ.ના શ્રી કથીરીયા હરનીશને એનાયત થયેલ છે.

## પીએચ.ડી.

શ્રી માનવ કલ્યાણ ટ્રસ્ટ-બુહારી સંચાલિત શ્રી મોરારજી દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બુહારીના શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા જયેશકુમાર એસ. બુટાણીએ કોમર્સ અને બી.બી.એ. કોલેજ, જૂનાગઢના પ્રિ. ડૉ. મગનભાઈ પી. તાળાના માર્ગદર્શન હેઠળ Study of effect on physical fitness & physiological aspects of trible students of training of pranayama, surya namaskar & games વિષય પર રજૂ કરેલ મહાશોધ નિબંધને ક્રાંતિગુરૂ શ્યામજીકૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી. ની પદવી એનાયત કરેલ છે.

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**ડાયનેટિક્સ : મૌલિક શોધ–પ્રબંધ.**
**લેખક : એલ. રોન. હબર્ડ**
**પ્રકાશક : ન્યુ એરા પબ્લિકેશન્સ, ડેનમાર્ક, ૨૦૦૯. પૃ. ૨૭૫**

આ પુસ્તકમાં રોન દ્વારા ડાયનેટિકસની સર્વપ્રથમ વ્યાખ્યાને પ્રસ્તુત કરવામાં આવેલ છે. ડાયનેટિકસનું આ પ્રથમ પુસ્તક છે. મૂળ સ્વરૂપે આ પુસ્તકને ચિકિત્સક સમુદાય માટે લખવામાં આવ્યું હતું, રોગીઓ પર પોતાની શોધોનો વિકાસ અને પરીક્ષણ લેખકે કર્યું હતું. એ સમયે તેને એબનોર્મલ ડાયનેટિકસ કહેવામાં આવતું હતું.

૧૯૩૨માં એક શોધ કરવામાં આવી જેનો ઉદ્દેશ્ય અસ્તિત્વની પ્રેરણા શકિત (Dynamic Principle of Existence) નો વ્યાવહારિક સ્વરૂપમાં જાણકારી મેળવવાનો હતો, જેનાથી માનવ જાતિની કેટલીક સમસ્યાઓનું સમાધાન થઈ શકે. ૧૯૩૮માં પ્રાયોગિક પધ્ધતિ વડે શોધવામાં આવેલા મૂળ નિયમોની સાથે લાંબા સમયથી પ્રાચીન અને આધુનિક દર્શનમાં શરૂ થયેલી શોધ સમાપ્ત થઈ. એ દિવસોમાં એક પુસ્તક લખવામાં આવેલ જેમાં મનુષ્ય અને તેની ગતિવિધિઓને વિસ્તારપૂર્વક સામેલ કરવામાં આવેલ. આ શોધ દરમ્યાન સ્થાપિત કરવામાં આવેલ એકજીએમ્સને સત્ય અથવા અસત્ય સાબિત કરવા માટે ભવિષ્યમાં કેટલાંક શોધ કાર્ય કરવામાં આવેલ.

લેખકે આ પુસ્તકમાં વર્ણિત ડાયનેટિકસનું ચાર વર્ષ સુધી પરીક્ષણ કર્યું. તેનો પ્રયોગ કોઈપણ યોજના વિના પસંદગીયુકત સ્વયંસેવકોના વિભિન્ન વર્ગો પર કરવામાં આવ્યું. ડાયનેટિકસના પ્રયોગથી માઈગ્રેન, અલ્સર, સાંધાઓનું દર્દ, એસ્ટિગ્મેટિજમ, ગ્રંથીઓનું અસંતુલન, અસ્થમા, એલર્જી અને અન્ય મનને લગતી બિમારીઓનું સફળતાપૂર્વક નિદાન કરીને ઠીક કરવામાં આવેલ. ડાયનેટિકસના પ્રયોગથી કમ્પલ્શન, ન્યૂરોસિસ અને સાઈકોસિસને પણ સફળતાપૂર્વક દૂર કરવામાં આવેલ.

આ પુસ્તકમાં એવી શોધોને સામેલ કરવામાં આવેલ છે જેનો ઉપયોગ લેખકે સૌપ્રથમ કલીયર્સને મેળવવા માટે કર્યો-તે સૌપ્રથમ શોધો જેની મદદથી પ્રત્યેક વ્યકિત દ્વારા સમગ્ર પૃથ્વી પર લોકોને કલીયર બનાવવાની શરૂઆત કરવા માટે ટેકનિકનો વિકાસ સંભવ થઈ શકયો, તે પ્રારંભિક શોધો જે ફકત આ ગ્રંથમાં સામેલ છે.

આ પુસ્તકના પ્રથમ ભાગમાં શોધ અને સિધ્ધાન્ત છે. ભાગ:૨માં ઓડિટિંગ, ભાગ:૩માં કલીયરિંગનો સમાવેશ થાય છે. અઢાર અધ્યાય ધરાવતા આ પુસ્તકમાં શબ્દાવલી પણ સામેલ છે. આ શબ્દાવલી આ પુસ્તકનો મહત્વપૂર્ણ ભાગ છે. વિષયને ઉત્તમ રીતે સમજવા માટે સંપૂર્ણ રીતે શબ્દાવલીનું વાચન કરવું આવશ્યક છે. પરિશિષ્ટમાં શબ્દો, પદો અને વાકયાંશોની સંપાદકીય શબ્દાવલીના સ્વરૂપમાં સામેલ કરવામાં આવેલ છે. કયારેક કયારેક શબ્દોના ઘણા અર્થ હોય છે. સંપાદકીય શબ્દાવલીમાં શબ્દોને ફકત એ જ વ્યાખ્યા પ્રસ્તુત કરવામાં આવી છે જેનો આ પુસ્તકમાં ઉપયોગ કરવામાં આવેલ છે. આ પુસ્તકની ખાસિયત એ રહી છે કે કોઈ એવો શબ્દ આવે જેને સંપૂર્ણ રીતે નથી સમજી શકતા, તો આગળ વધવું જોઈએ નહિં. કોઈ શબ્દને વ્યાખ્યાયિત કર્યા સિવાય આગળ વધવું તે એક એવું સત્ય છે જે અધ્યયનના સંપૂર્ણ ક્ષેત્રમાં સૌથી વધારે મહત્વપૂર્ણ હોય.

ડૉ. બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

## વિજ્ઞપ્તિ

સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજના અદ્યતન સમાચાર 'દક્ષિણાયન'માં પ્રગટ કરવા માટે
ડૉ. બી.જે. અંકુયા
તંત્રી, 'દક્ષિણાયન'
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય,
ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭ને મોકલી આપવા વિનંતી.

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**
**Published by : J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat. Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com